મત્સ્યદ્યોગ પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માં “ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોમાં ઈન્સ્યુલેટેડ કોલ્ડરૂમ બનાવવા ઉપર સહાય” માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: **ACD/BUM/e-file/2/2026/0050/T**

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/NIF/e-file/301/2025/2371/Marine, તા. ૦૧/૦૧/૨૦૨૬

(૨) મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/NIF/e-file/301/2025/2371/Marine, તા. ૧૦/૦૩/૨૦૨૬

<u>પ્રસ્તાવના:-</u>

ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૧) સામે દર્શાવેલ મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરી , ગાંધીનગરના પત્રથી “ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોમાં ઈન્સ્યુલેટેડ કોલ્ડરૂમ બનાવવા ઉપર સહાય” ની નવી બાબત માટે વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ રૂ.૪.૦૦ કરોડની બજેટ જોગવાઈની સૈધ્ધાંતિક મંજૂરી મેળવવા માટે કચેરીએ દરખાસ્ત કરેલ હતી જેને નાણાં વિભાગે રૂ.૪.૦૦ કરોડની સૈધ્ધાતિંક મંજૂરી આપેલ હતી.

ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૨) સામે દર્શાવેલ મત્સ્યોધ્યોગ કમિશનરશ્રીની કચેરી , ગાંધીનગરના પત્રથી ઉક્ત નવી બાબતને કુલ રૂ.૪.૦૦ કરોડની વહીવટી મંજૂરી આપવા માટે કચેરીએ દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :-</u>

વિચારણાને અંતે વિચારણાને અંતે મત્સ્યોધ્યોગ પ્રભાગ હેઠળની દરિયાઈ સાધનો પૂરા પાડવા અને પૂર્વજરૂરી સવલતો પૂરી પાડવાની યોજના હેઠળ “ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોમાં ઈન્સ્યુલેટેડ કોલ્ડરૂમ બનાવવા ઉપર સહાય યોજના” માટેની નવી બાબતને વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૪.૦૦ કરોડ (અંકે રૂપિયા ચાર કરોડ પૂરા) )ની બજેટ જોગવાઈથી બજેટ સદર: ૦૬-૨૪૦૫-૦૦-૧૦૩-૦૧ હેઠળ નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે

છે.

**શરતો:**

1. પ્રસ્તુત યોજનાનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૬ થી કરવાનો રહેશે.
2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચૂકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીએ રાખવાની રહેશે.
3. ઓનલાઈન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
4. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદી ની જોગવાઇ કરવાની રહેશે. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
5. મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીએ નાણાકીય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
6. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
7. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.
8. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
9. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
10. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
11. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
12. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
13. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નં | : | ૦૦૬ |
| સેકટર | : | ગ : આર્થિક સેવાઓ |
| સબસેકટર | : | ક : કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્યસદર | : | ૨૪૦૫-મત્સ્યોધોગ |
| ગૌણસદર | : | ૧૦૩-દરિયાઈ મત્સ્યોધોગ |
| પેટા સદર | : | ૦૧. એફએસએચ-૭. ૧૦૩ (૦૧) દરિયાઇ મત્સ્યોધોગ સાધનો પૂરા પાડવા |

અને પુર્વ જરૂરી સવલતો

આ હુકમો આ વિભાગની સમાનાંકી ઈ- ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં) ની તા. ૩૦/૦૩/૨૦૨૬ થી મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(ક્રિનલ જાની)

સેકશન અધિકારી

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ ,

(૧) માન. મંત્રીશ્રી, મત્સ્યોધોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, મત્સ્યોધોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, (મત્સ્યોધોગ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મત્સ્યોધોગ કમિશનરશ્રી, મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરી , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી, (કૃષિ )કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) ઉપ મહાલેખાકારશ્રી(ઈએસ-૧) એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૭) એકાઉન્ટટ જનરલશ્રીની કચેરી, રાજકોટ

(૮) બજેટ શાખા/આયોજન શાખા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૯) નિવાસી તપાસણી અધિકારીશ્રી ,ગાંધીનગર

(૧૦)પગાર અને હિસાબી અધિકારીશ્રી ,ગાંધીનગર.

(૧૧) I T શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની સાઈટ પર

અપલોડ કરવાની વિનંતી સહ.

(૧૨) સીલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:Krinal V Jani
Section Officer
Date:2026.04.01
16:10:57 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign